**સ્પે. મુ.ન.૦૧/૨૦૨૧**

***વાદીની આંક.૫ ની અરજી લગત હુકમ***

**૧.** વાદીની આંક.૫ ની અરજીની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ નો ઈંટોનો ભઠ્ઠો પુનગામ મુકામે આવેલ છે અને તેની ઓફીસ નર્મદા ઓટોપાર્ટસ ચાંમુડા માતાના મંદિર પાસે ઝાડેશ્વર ખાતે આવેલછે તથા પ્રતિવાદી નં.ર વાદીના કાકાનો દિકરો થાય છે તથા વાદીના પિતા સુકાભાઈ રામભાઈ વસાવાની સર્વે નં. જુનો ૧૧૮/૮ નવો ર૯ર/૩ ખાતા નં. ૪ર૬ ક્ષેત્રફળ ૧–૮ર–૦૦ વાળી જમીન આવેલીછે. જે જમીન શકકરપોર ગામની સીમમાં નોંધ નં. ૨૦૬૮ તા. ૦૩/૦ર/૭ર ના રોજ વાદીના પિતા જમીનના લાંબા સમયથી ગણોતિયા હોય સરકાર શ્રીએ કબ્જા હકકની રકમ લઈ નવી અને અવિભાજય શરતોને આધીન કાયમ માટે આપવાનો હુકમ કરેલો અને વાદીના પિતા સુકાભાઈ રામાભાઈ વસાવાને માલિક ઠરાવેલા અને જેમાં સરકારશ્રીએ શરત નં.૧ માં એવુંઠરાવેલ હતું તે કે આપવામા આવેલ જમીન જાતે ખેડવી પડશે ગણોત કે પટે કે અન્ય રીતે કલેકટરશ્રી ભરૂચની પરવાનગી વગર તબદીલ થઈ શકેશ નહી આમ, સદર જમીનનો વર્ષો જુનો કબ્જો ભોગવટો અને માલિકી હકક ચાલી આવેલ હતો ત્યારબાદ વાદીના પિતા સુકાભાઈ રામાભાઈ વસાવા તા. ર૫/૧ર/૭૫ ના રોજ કોઈ કારણસર દવા પીને મરણ ગયેલા જેથી વાદીની માતાએ બીજા લગ્ન કરી લીધેલા અને તે વખતે વાદીની ઉમંર ૭ થી ૮ વર્ષ હતી જેથી વાદી તેઓના મામા દેસાઈભાઈ જીણાભાઈના ધરે મોરાર ગામ તા. ઝધડીયા મુકામે રહેવા માટે ગયેલા અને ત્યારબાદ લગ્ન થતા વાદી લીમોદરા મુકામે પોતાની સાસરીમાં રહેતા હતા જે બાબતે વાદીના કાકા સોમાભાઈ રામાભાઈ વસાવા તથા તેમના પુત્ર પાસે જઈ વારંવાર જમીન બાબતે પુછપરછ કરતા કોઈ હકીકત જણાવેલ નથી અને વાદી સગીર વયના હોય તે સમયે અધિકારીઓને ગેરમાર્ગે દોરી દાવાવાળી જમીન સોમાભાઈ રામાભાઈએ પોતાના નામે દાખલ કરાવી દીધેલ અને તેના આધારે સદર જમીનમાં વાદી સીધી લીટીના વારસ હોવાથી મહેસુલ વિભાગ વિવાદ અમદાવાદ

ખાતે આર.ટી.એસ. રીવીઝન નં. ૭૩/૨૦૨૦ થી તકરાર ચાલી હોવા છતાં પ્રતિવાદી નં.૧ ને ખોટી રીતે ખોદકામ કરવા આપી દીધેલ છે જેથી જમીનની ફળદુપતા નાશ પામે તેમ છે જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સનો મુદો તથા પ્રથમ દર્શનીય કેસ છે અને જમીનની ફળદ્ધુપતા નાશ પામે અને ઉંડા ખાડા કરવામા આવે તો ખેતી કરવા લાયક જમીન રહે નહી જેથી વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન જવાનો સંભવ હોય જેથી પ્રતિવાદીઓ વિરૂધ્ધ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે.

**૨.** સદર દાવાના કામે પ્રતિવાદીને સમન્સ નોટીસ ઈસ્યુ કરતા પ્રતિવાદીને ધોરણસર બજવણી થતા પ્રતિવાદી તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા અને આંક-૧૧ થી લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, વાદીએ તદન ખોટો દાવો કરેલો છે અને ખરી હકીકતમાં જણાવેલ છે કે, વાદીના દાવાને સમયમર્યાદાનો તથા પક્ષકારોની ખામીનો બાધ નડે છે. અને ખરી હકીકતમાં જણાવેલ છે કે, વાદીએ પોતાની દાવા અરજીમાં તમામ વિગતો ખોટી જણાવેલ છે અને જણાવેલ છે કે ગામ દફતરે નોંધ નં. ૨૬૨૫ તા. ૦૪/૧૧/૮૬ ના રોજ દાખલ કરવામા આવેલ અને તે રીતે દાવાવાળી જમીનના કબ્જે દાર મર્હુમ સોમાભાઈ રામાભાઈ હતા જેથી વાદીની આંક-પની અરજી રદ કરવા જણાવેલ છે.

**૩.** વાદી તરફે પોતાની અરજીના સમર્થનમા આંક.૩ થી રજૂ દ.પુ લીસ્ટ રજુ કરેલ છે તથા આંક- ૨૭ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે અને મૌખિક દલીલો કરવામા આવેલ છે તથા પ્રતિવાદી તરફે આંક-૩૫ થી લેખીત દલીલો રજુ કરેલ છે તથા વિશેષમાં મૌખિક દલીલો પણ કરેલ છે.

**૪.** આ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

**મુદ્ધા-** (૧) શું વાદીઓનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું સગવડતાની સમતુલાનું પાસું વાદીઓની તરફેણમાં છે?

(૩) શું માંગ્યા મુજબનો હંગામી મનાઈ હુકમ આપવામાં ના આવે તો

વાદીઓને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તે છે?

(૪) શું હુકમ ?

**૫. ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં..

(૪) આખરી હુકમ મુંજબ.

***કારણો***

**મુદ્દા નં. ૧થી૩.**

**૬.** આ કામે સદર મુદ્દા નં.૧થી૩ એકબીજા સાથે સુસંગત હોઈ ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલી છે.

**૬.૧** આ કામે વાદીએ પોતાની દાવા અરજીના સમર્થનમાં નિ.૩/૧ થી ૩/૨ સુધી દાવાવાળી જમીનનું રેવન્યુ રેકર્ડ રજુ કરેલછે જેમાં દાવાવાળી જમીન પ્રતિવાદી નં. ૨ થી ૬ ના નામે ચાલતી હોવાનું ફલિત થાય છે. જયારે નિ. ૩/૩ થી નોંધ નં. ૨૦૬૮ તા. ૦૩/૦૨/૭૨ ના રોજની રજુ થયેલછે સદર વાદગ્રસ્ત જમીન કબ્જા હકકની રકમ લઈને વાદીના પિતા સુકાભાઈ રામાભાઈના વસાવાના નામે જુના બ્લોક સર્વે નં. ૧૧૮/૦૮ થી ગામ નમુના નંબર હકક પત્રક ૬માં નોંધ થયેલ છે ત્યારબાદ નિ. ૩/૪ થી નોંધ નં. ૩૧૬૩ રજુ થયેલ છે જે મુજબ પ્રતિવાદી નં. ૨થી ૬ ના નામ વારસાઈ હકકે દાખલ થયેલ છે તથા નિ. ૩/૫ થી

નોંધ નં. ૨૬૨૫ થી તા. ૦૪/૧૧/૮૬ ના રોજ કબ્જા હકકની રકમ લઈને જમીન ખાલસા થતા કબ્જા હકકની રકમ ભર્યેથી પ્રતિવાદી નં. ૨ થી ૬ ના પિતા સોમાભાઈ રામાભાઈના નામે દાખલ કરવામા આવેલ છે. જે નોંધ સને ૧૯૯૬ ના વર્ષમાં પડેલ છે જયારે નિ. ૩/૭ થી રજુ નોંધ નં. ૨૩૦૯ જોવામા આવે તો દાવાવાળો સર્વે નં. ૧૧૮ /૮ સુકાભાઈ રામાભાઈના નામે જણાવેલ છે. અને ત્યારબાદ સદર વાદગ્રસ્ત જમીન પ્રતિવાદી નં. ૨ થી ૬ ના પિતાના નામે કબ્જા હકકની રકમ જમા કરાવ્યેથી દાખલ કરેલ છે અને નિ.૩/૧૧ જોવામા આવે તો વાદગ્રસ્ત જમીન ઉપર પ્રતિવાદી નં. ૪ નાઓએ બોજો લીધેલ તે કમી કરેલાની નોંધ પડેલ છે આમ, સદર વાદગ્રસ્ત જમીન મુળ વાદીના પિતા સુકાભાઈ રામાભાઈના નામે નોંધ નં. ૨૦૬૮ ના આધારે કબ્જા હકકની રકમ ભરતા માલિકી હકકે દાખલ થયેલાનું રજુ દસ્તાવેજી પુરાવાથી પ્રથમ દર્શનીય ફલિત થાય છે ત્યારબાદ પ્રતિવાદી નં. ૨થી ૬ ના પિતાનું નામ પણ નોંધ નં. ૨૬૨૫ ના આધારે લાંબાાગાળાના કબ્જાના આધારે દાખલ થયેલ છે. જયારે પ્રતિવાદી તરફે નિ. ૧૨/૧ થી રજુ થયેલ નામ. નાયબ કલેકટરનો હુકમ જોતા વાદીની વિલંબ માફની અરજી રદ કરવામા આવેલ છે તેમજ નિ. ૧૨/૨ થી વાદીની અપીલ નામ. કલ ેકટરશ્રીએ નામંજુર કરેલ છે તથા નિ.૧૨/૩ થી પ્રતિવાદી નં. ૨ થી ૬ નાએ પ્રતિવાદી નં.૧ ને જમીન માટી કાઢવા માટે આપેલ સંમતિપત્રક અને નિ. ૧૨/૪ થી ૧૨ /૮ સુધી સંમતિ જવાબો અને નિ.૧૨/૯ થી સર્કલ ઓફીસર પાસે માટી ખોદવા પરવાનગી માંગેલાનો પત્ર તથા નિ. ૧૨/૧૦ થી ભુસ્તરશાસ્ત્રી ની કચેરીમાં સાદી માટી ખોદવા અભિપ્રાય મેળવવા મામલતદાર શ્રીએ લખેલ પત્ર તથા નિ.૧૨/૧૧ અને નિ. ૧૨/૧૨ થી પરવાનગી રજુ કરેલ છે. આમ, રેકર્ડજોતા સદર વાદગ્રસ્ત જમીન મુળ વાદીના પિતા સુકાભાઈ રામાભાઈના નામે દાખલ થયેલ હતી અને ત્યારબાદ પ્રતિવાદી નં. ૨ થી ૬ નાઓને વારસાઈ હકકે તેઓના પિતા સોમાભાઈ રામાભાઈ પાસેથી પ્રાપ્ત થયેલછે અને હાલમાં કાયદેરસની કાર્યવાહી કરી પ્રતિવાદી નં.૧ ને માટી ખોદવા માટે સદર જમીન આપેલ છે આમ, વાદગ્રસ્ત જમીનમાં સોમાભાઈ રામભાઈના નામે નોંધ સને ૧૯૮૬માં પડેલ હતી ત્યારથી હાલનો દાવો દાખલ કર્યો ત્યાંસુધી

વાદીએ કોઈ કાર્યવાહી કરેલ નથી. પરંતુ હાલમાં સદર જમીન પ્રતિવાદી ૨ થી ૬ નાનામે ચાલી આવેલ છે જેથી સદર જમીન પ્રતિવાદી નં. ૨થી ૬ ના પિતાએ ખોટી રીતે પોતાના નામે કરાવી લીધેલાનું પુરાવોલીધા સિવાય નકકી શકાય નહી તેમજ પ્રતિવાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા હાલમાં પ્રતિવાદી નં. ૧ નાએ સરકારી પરવાનગી મેળવી માટીનું ખોદકામ કરેલ છે જેથી પ્રતિવાદી નં.૧ ને રોકવામા આવે તો તેઓને નાણાંમા ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન જવાનો સંભવ છે વધુમાં સદર જમીન ૭૩ એએ મુજબની જમીન છે જેથી કલ ેકટરશ્રીની પરવાનગી સિવાય અન્ય કોઈને તબદીલ થઈ શકે તેમ નથી અને હાલના તબકકે વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ જણાતો નથીઅને સગવડતાની સમતુલા પણ વાદી તરફેણમાં જણાતી ન હોય મુદા નં. ૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્રા નં.૪ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: *હુકમ* :-**

૧. વાદીની આંક.૫ ની અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

૨. સદર અરજીનો ખર્ચ દાવાના આખરી નિકાલ ને અનુસરશે.

હુકમ આજરોજ તા.૦૬ મી, માહે ઓકટોમ્બર સને.૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કયો.

તા.૦૬/૧૦/૨૦૨૩ (યોગીની ભીખાભાઈ પટેલ)

સ્થળ.અંકલેશ્વર ચોથા એડીશનલ સીનીયર સીવીલ જજ

અંકલેશ્વર